

## દેવ દર્શન

**શ્રી રંગ અવધૂત મહારાજ, નારેશ્વર**

**તસવીર :** નલિન અને રંજન પટેલ.

**તમારા આરાધ્ય દેવની તસવીર માત્ર તમારા જ કેમેરાથી પાડીને મોકલો.**
ngs.pressnote@gmail.com

## આજનું પંચાંગ

**તિથિ:** પોષ સુદ - ૧૨ **ખ્રિસ્તી તિથિ:** ૦૯ જાન્યુઆરી, સોમવાર

| | |
|---|---|
| **ઈસ્લામિક** | ૧૦ રબિઉલઆખર |
| **પારસી** | ૨૬ |
| **વિક્રમ સંવત** | ૨૦૭૩ |
| **શાલિવાહન સંવત** | ૧૯૩૮ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૧૭ |
| **રાષ્ટ્રીય દિનાંક** | ૧૯ |
| **યુગાબ્દ** | ૫૧૧૮ |
| **જૈન સંવત** | ૨૫૪૩ |
| **ઈસ્લામિક સંવત** | ૧૪૩૮ |
| **પારસી વર્ષ** | ૧૩૮૬ |




**આજના તહેવારો : પુત્રદા એકાદશી(વૈ.)**

| શહેર | સૂર્યોદય | નવકારશી | સૂર્યાસ્ત | ચંદ્રોદય | ચંદ્રાસ્ત |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૦૭-૨૪ | ૦૮-૧૨ | ૧૮-૦૯ | ૧૫-૨૧ | ૦૩-૪૮ |
| સુરત | ૦૭-૧૯ | ૦૮-૦૭ | ૧૮-૧૨ | ૧૫-૧૬ | ૦૩-૫૧ |
| વડોદરા | ૦૭-૨૪ | ૦૮-૧૨ | ૧૮-૦૯ | ૧૫-૧૭ | ૦૩-૫૦ |
| મુંબઈ | ૦૭-૧૫ | ૦૮-૦૩ | ૧૮-૧૫ | ૧૫-૧૧ | ૦૩-૫૫ |

**ગ્રહોની ચાલ**

**આજની ચંદ્રરાશિ:** વૃષભ **નામાક્ષર:** (બ,વ,ઉ)
**સૂર્ય:** ધન **નક્ષત્ર:** કૃતિકા **યોગ:** શુભ **કરણ:** બવ
**રાહુકાલ:** ૦૭-૩૦થી ૦૯-૦૦ **દિશાશૂલ:** પૂર્વ

**દિવસનાં ચોઘડિયાં**
૧. અમૃત, ૨. કાળ ૩. શુભ ૪. રોગ ૫. ઉદ્વેગ ૬. ચલ ૭. લાભ ૮. અમૃત

**રાત્રિનાં ચોઘડિયાં**
૧. ચલ, ૨. રોગ ૩. કાળ ૪. લાભ ૫. ઉદ્વેગ ૬. શુભ ૭. અમૃત ૮. ચલ

## આપનો જન્મદિન - આપનું ભવિષ્ય

તા.૦૯ જાન્યુઆરીનાં રોજ જન્મેલા જાતકો માટે આગામી વર્ષ દરમિયાન આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. ભૌતિક સુખ-સુવિધામાં વધારો થઇ શકે. લગ્નોત્સુકોને યોગ્ય જીવનસાથીની પસંદગી થઇ શકે છે. નોકરી-વેપારમાં પ્રગતિ. આરોગ્ય સુખમય બની રહે.

**સૂર્ય રાશિ:** મકર

**બારેય માસની શુભ તારીખો :** જાન્યુઆરી(૯, ૧૦, ૨૫), ફેબ્રુઆરી (૪, ૧૨, ૨૭), માર્ચ(૮, ૧૪, ૩૦), એપ્રિલ (૨, ૧૬, ૨૭), મે (૪, ૧૨, ૩૦), જૂન (૭, ૧૪, ૨૨), જુલાઇ(૧, ૧૨, ૨૭), ઓગસ્ટ (૫, ૧૪, ૨૫), સપ્ટેમ્બર(૭, ૧૮, ૨૯), ઓક્ટોબર (૬, ૧૨, ૨૬), નવેમ્બર (૨, ૧૫, ૨૯), ડિસેમ્બર(૧, ૧૧, ૩૧)

**પુણ્યબળ વધારવા આમ કરો :** મહાદેવજીની ઉપાસના કલ્યાણકારી બને.

## ઈતિહાસમાં આજનો દિવસ...



**પહેલો iPhone**

એપ્પલના CEO સ્ટીવ જોબ્સે વર્ષ 2007ની નવ જાન્યુઆરીએ સાનફ્રાન્સિસ્કોમાં પહેલો iPhone દુનિયા સામે મૂક્યો હતો. એપ્પલે iphoneની પહેલી આવૃત્તિના 60 લાખથી વધુ ઇન્સ્ટ્રુમેન્ટ્સ વેચ્યા હતા.



**ઇલેક્ટ્રોનિક એક્સચેન્જ**

વર્ષ 1894ની નવ જાન્યુઆરીએ વિશ્વના પહેલા બેટરી ઓપરેટરેડ ટેલિફોન એક્સચેન્જનું સ્વીચબોર્ડ ઉપયોગમાં લેવાયું હતું. ઓપરેટર દ્વારા કોલ કનેક્ટ કરવાની સુવિધા આપતી આ મહત્ત્વની ઘટના અમેરિકામાં બની હતી.



**ગાંધીજી ભારત પરત ફર્યા**

દક્ષિણ આફ્રિકામાં અંગ્રેજો સામે લડતના મંડાણ કર્યા બાદ મહાત્મા ગાંધી વર્ષ 1915ની નવ જાન્યુઆરીએ ભારત પરત ફર્યા હતા. આ દિવસને ભારતમાં બિન નિવાસી ભારતીયોના દિવસ તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે.

## આજનું રાશિફળ -કંદર્પભાઈ ત્રિવેદી

**મેષ** (અ, લ, ઈ) | **શુભ રંગ:** લાલ **શુભ અંક:** ૧-૮
આર્થિક સ્થિતિ મજબૂત બની શકે. સામાજિક જવાબદારીમાં વધારો થઇ શકે. માનસિક ચિંતા હળવી બને.

**વૃષભ** (બ, વ, ઉ) | **શુભ રંગ:** સફેદ **શુભ અંક:** ૨-૭
વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની શકે. યાત્રા-પ્રવાસનું આયોજન શક્ય. વિદેશથી શુભ સમાચાર મળે.

**મિથુન** (ક, છ, ઘ) | **શુભ રંગ:** લીંબુડીયો **શુભ અંક:** ૩.-૬
આરોગ્યની સુખાકારી જળવાઇ રહે. પ્રણય પ્રસંગોમાં સફળતા મળી શકે. આવકનાં સ્રોતમાં વધારો થઇ શકે.

**કર્ક** (ડ, હ) | **શુભ રંગ:** દૂધિયો **શુભ અંક:** ૪
કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. આવકનાં સ્રોતમાં વધારો થઇ શકે છે. અટકેલાં કાર્યો પૂર્ણ થઇ શકે છે.

**સિંહ** (મ, ટ) | **શુભ રંગ:** સોનેરી **શુભ અંક:** ૫
શેર-સટ્ટાકીય બાબતોમાં ખાસ કાળજી રાખવી. કોર્ટ-કચેરીનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે. પ્રવાસની આયોજન શક્ય.

**કન્યા** (પ, ઠ, ણ) | **શુભ રંગ:** લીલો **શુભ અંક:** ૮-૩
વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. સામાજિક જવાબદારીમાં વધારો થઇ શકે. સંતાન સંબંધી પ્રશ્નો હલ થઇ શકે.

**તુલા** (ર, ત) | **શુભ રંગ:** સફેદ **શુભ અંક:** ૭-૨
આરોગ્યની સુખાકારી જળવાઇ રહે. ભૌતિક સુખ-સુવિધામાં વધારો થઇ શકે. સામાજિક જવાબદારીમાં વધારો થઇ શકે.

**વૃશ્ચિક** (ન, ય) | **શુભ રંગ:** લાલ **શુભ અંક:** ૮-૧
ધર્મ-અધ્યાત્મ ક્ષેત્રે રુચિ વધતી જણાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની રહે. માનસિક ચિંતા હળવી બની શકે.

**ધન** (ભ, ધ, ફ, ઢ) | **શુભ રંગ:** પીળો **શુભ અંક:** ૯-૧૨
જમીનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે. સ્થાવર મિલકતનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે. જૂના મિત્રોને મળવાનું થઇ શકે.

**મકર** (ખ, જ) | **શુભ રંગ:** વાદળી **શુભ અંક:** ૧૦-૧૧
કૌટુંબિક વિખવાદોનો અંત આવી શકે. વેપાર ક્ષેત્રે નવા રોકાણ થઇ શકે છે. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવે.

**કુંભ** (ગ, સ, શ, ષ) | **શુભ રંગ:** વાદળી **શુભ અંક:** ૧૧-૧૦
ભાગ્યોદયની તક મળી શકે છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે. સામાજિક જવાબદારીમાં વધારો થઇ શકે.

**મીન** (દ, ચ, ઝ, થ) | **શુભ રંગ:** પીળો **શુભ અંક:** ૧૨-૯
રાજકીય સ્થિતિ મજબૂત બની શકે છે. આવકનાં સ્રોતમાં વધારો થઇ શકે. કાર્યક્ષેત્રે નવી તક મળી શકે.

## યોગ વિથ મ્યૂઝિક: 40 વર્ષથી વધુ વયની 400 વ્યક્તિએ 108 સૂર્યનમસ્કાર કર્યા

# તણાવમુક્તિ માટે યોગ-પ્રાણાયામ

» લૉ ગાર્ડન ખાતે વિશેષ આયોજનમાં 10 ,000થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા

**નવગુજરાત સમય > અમદાવાદ**



### વિશિષ્ટ નિદર્શન જોઇ લોકો ખુશ થઇ ગયા

મ્યૂઝિક સાથેના યોગ ઉપરાંત ૧૦૮ સૂર્યનમસ્કાર પણ થયા હતા. સૂર્યનાં કિરણો પડતાં હોય તે સમયે થતાં સૂર્યનમસ્કાર વિશિષ્ટ લહાવો બની રહ્યા હતા. સાથે જ આયંગર ટેકનિક સાથે પણ વિશિષ્ટ યોગ નિદર્શન જોઇને લોકો ખુશ થઇ ગયા હતા.

'શરીર સ્વસ્થ હોય તો મન પણ સ્વસ્થ રહે છે. યોગ અને પ્રાણાયામ દ્વારા વ્યક્તિ માત્ર દીર્ઘ આયુષ્ય જ પ્રાપ્ત કરી શકે એવું નથી પણ જેટલું પણ જીવે તે સ્વસ્થ અને શ્રેષ્ઠ જીવન જીવે તેમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણે ત્યાં દરરોજ સૂર્યનમસ્કાર કરવાનું કહેવાયું છે, તેની પાછળનો હેતુ પણ એ જ છે કે, વ્યક્તિ જો દરરોજ તેનો નિયમિત અભ્યાસ કરે તો તે સર્વાંગીણ સ્વસ્થ રહી શકે છે', એમ જાણીતા યોગ થેરાપિસ્ટ હેતલબેન દેસાઈએ રવિવારે જણાવ્યું હતું.

અમદાવાદના લૉ ગાર્ડન ખાતે આયંગર ટેકનિકથી મ્યૂઝિક સાથે યોગ રજૂ થયા હતા. ખાસ કરીને શહેરનાં મેયર ગૌતમભાઇ શાહ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. ખાસ કરીને વાત એ છે કે ૪૦ વર્ષથી વધુ વયનાં ૪૦૦ યોગપ્રેમીઓએ ૧૦૮ સૂર્યનમસ્કાર કર્યા હતા. સાથે જ ૧૦૦૦થી પણ વધુ લોકો વહેલી સવારે આ મ્યૂઝિક સાથેના યોગ જોવા માટે ઉપસ્થિત રહ્યાં હતાં. ખાસ કરીને વિશ્વભરમાં અત્યારે ભારતીય યોગ માટે ક્રેઝ જન્મ્યો છે ત્યારે અમદાવાદીઓ પણ યોગ તરફ વધુમાં વધુ જોડાય તેવા હેતુથી આ નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું.

યોગ ટિપ્સ આપતાં યોગ થેરાપિસ્ટ હેતલબેન દેસાઇએ જણાવ્યું કે સમગ્ર વિશ્વમાં છેલ્લા બે વર્ષથી યોગનું પ્રચલન વધ્યું છે ત્યારે ભારતમાં પણ તેનું પ્રચલન ચોક્કસ વધ્યું છે અને એ વાત પણ ચોક્કસ છે કે લોકો નિયમિત યોગ કરતાં થયા છે. યોગના કારણે સામાન્ય રોગો જેવા કે હાથ-પગ-કમરનાં દુઃખાવામાં અનેક વ્યક્તિને રાહત પણ મળતાં તેઓ નિયમિત કસરત કરતાં થઇ ગયા છે. ખાસ કરીને યુવાવર્ગ અને બાળકોને યોગ શીખવવામાં આવે અને તેઓ નિયમિત રીતે યોગ કરતાં થઇ જાય તો તેઓ નિરોગી રહી શકે છે અને સ્ટ્રેસ ફ્રી જીવન પણ જીવી શકે છે. આજે સ્ટ્રેસ દૈનિક જીવનમાં વણાઇ ગયો છે ત્યારે ચોક્કસ પ્રાણાયામ અને યોગ દ્વારા સ્ટ્રેસ ફ્રી બની શકાય છે.

શિયાળામાં થતાં રોગોને ભગાડવા માટે પણ વહેલી સવારે યોગ અને આસન કરવામાં આવે તથા ચોક્કસ પ્રકારના પ્રાણાયામ કરવામાં આવે તો શિયાળામાં થતાં રોગોથી પણ બચી શકાય છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે પણ માત્ર ૧૦ મિનિટ પણ યોગ-આસન-પ્રાણાયામ કરે તો પણ તેઓને આખા દિવસનો થાક પણ દૂર થઇ જાય છે.

# ધનુર્માસ : આજે પુત્રદા એકાદશીની ઉજવણી

» શ્રીવિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું પઠન ઉત્તમ : મંદિરોમાં ભક્તો દર્શનાર્થે પહોંચશે

**નવગુજરાત સમય > અમદાવાદ**

પુત્રદા એકાદશી તા.૯ જાન્યુઆરીના રોજ છે. સંતાન પ્રાપ્તિ માટે આ એકાદશીનું ખાસ મહત્ત્વ છે. ધનુર્માસ અંતર્ગત આવતી આ એકાદશીનું માહાત્મ્ય પણ એટલું જ છે. ખાસ કરીને આ દિવસે શ્રીવિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું પઠન પણ ઉત્તમ ફળદાયી માનવામાં આવે છે. એટલું જ નહીં આ દિવસે 'ઓમ્ વિષ્ણવે નમઃ' મંત્રનો જાપ પણ ઉત્તમ માનવામાં આવ્યો છે. ખાસ કરીને આ દિવસે ઈષ્ટદેવના મંદિરના દર્શન કરવા પણ જવું જોઈએ. સાથે જ જગન્નાથજી મંદિર સહિતનાં મંદિરોમાં પણ ભક્તોની ભીડ જોવા મળશે.

સાધુ પ્રેમવત્સલદાસજીએ જણાવ્યું કે ભવિષ્યોત્તર પુરાણમાં કહ્યું છે કે જેને સંતાનની ઈચ્છા હોય તેમણે આ પુત્રદા એકાદશીનું વ્રત કરવું જોઈએ અને તેનાથી સંતાન, સ્વર્ગની પ્રાપ્તિ થાય છે અને જીવ ભગવદ્ધામને પામે છે. સાથે જ આ ઉપરાંત જે શ્રદ્ધાળુઓ સકામ રીતે આ વ્રત કરે છે, તેમને પોત-પોતાની ઈચ્છિત કામના પૂર્ણ થાય છે અને વિવિધ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. આ એકાદશીનું વ્રત કરનાર શ્રદ્ધાળુઓને અશ્વમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. આ અગાઉ ભદ્રાવતી નગરીનાં સુકેતુ રાજાએ તથા તેમની રાણી શૈલ્યાએ આ વ્રત કર્યું હતું અને તેમને સંતાનની પ્રાપ્તિ થઇ હતી.

સ્વામિનારાયણ મંદિર-કુમકુમ ખાતે મહંત આનંદપ્રિયદાસજીની નિશ્રામાં સવારે ૮.૦૦ વાગ્યે વિશિષ્ટ શણગાર થશે અને સ્વામિનારાયણ મંત્રની ધૂન થશે. વચનામૃત પારાયણ થશે. રાત્રે ૯.૦૦થી ૧૦.૦૦ દરમિયાન યુવાનોની સભા પણ એકાદશી નિમિત્તે યોજાશે.

# બર્ડ ફ્લુ: લોકોને આઈસોલેટ કરવામાં તંત્રની બેદરકારી

» પશુપાલન વિભાગે લોકોને 500 મીટર દૂર રાખવાના બદલે માત્ર 50 મીટરના અંતરે રાખ્યા

**નવગુજરાત સમય > અમદાવાદ**

કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ જે તે વિસ્તારને રોગગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો હોય તેના એપી સેન્ટરથી ઈફેક્ટેડ લોકોને ૫૦૦ મીટર દૂર રાખવા જરૂરી હોય છે. અમદાવાદના હાથીજણ વિસ્તારમાં બર્ડ ફ્લુની શક્યતા ધરાવતા ૧૪ જેટલા વ્યક્તિઓને આઈસોલેટ કરવામાં આવ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, બર્ડ ફ્લુના એપી સેન્ટર એવા આશા ફાઉન્ડેશનથી માત્ર ૫૦ મીટર અંતરે જ તેમને રાખવામાં આવ્યા છે. રાજ્ય સરકારના પશુપાલન વિભાગની આવી લાપરવાહી દિલ્હીથી આવેલી કેન્દ્ર સરકારની ટીમના ધ્યાને આવી હતી. કેન્દ્ર સરકારની ટીમે આ અધિકારીઓનો ઉધડો લઈ લીધો હતો.

શનિવારે મોડી રાત્રે અધિકારીઓ વચ્ચે માથાકૂટ થઈ હતી અને મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. સૂત્રો કહે છે કે, આઈસોલેટ કરાયેલા ૧૪ વ્યક્તિને પ્રથમ એપી સેન્ટરથી દૂર કરવાની જરૂર છે. આઈસોલેટ થયેલા વ્યક્તિઓને કોઈ સુવિધા આપવામાં આવતી નથી. નજરકેદ જેવી સ્થિતિમાં મૂકાયેલા આ લોકો માટે જમવાની વ્યવસ્થા પણ કરાઈ નથી.

**તંત્રનો ઉત્સાહ ઓસર્યો**

**હાથીજણમાં બધું રામ ભરોસે**

બર્ડફ્લુનો ફેલાવો વધવાની આશંકા હોવા છતાં હાથીજણ ગામને રામભરોસે છોડી દેવાયું છે. આશા ફાઉન્ડેશન ખાતે પોલીસ ઉપરાંત અન્ય વિભાગનાં કર્મચારીઓની ટીમ સ્ટેન્ડ ટુ રાખવાની વાતો કરવામાં આવી હતી, પરંતુ આજે ત્યાં કોઈ દેખાતુ નહોતુ. આ મામલે પૂછતાં મ્યુનિ. હેલ્થ ખાતાનાં સત્તાવાર સૂત્રોએ કહયું કે, હાથીજણ અને આશા ફાઉન્ડેશન ખાતે તમામ પ્રકારે પગલા લેવાયા હોવા છતાં ત્યાં ટીમ ખડે પગે રાખવામાં આવી જ છે.

# ₹ 200 કરોડના ફંડથી 500 સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ શરૂ કરાશે

**નવગુજરાત સમય > અમદાવાદ**

રાજ્ય સરકાર દ્વારા ઈન્ડસ્ટ્રીઝ પોલિસીના ભાગરૂપે ગુજરાત સ્ટાર્ટઅપ પોલિસી જાહેર કરવામાં આવી હતી. રવિવારે વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત મુખ્યમંત્રી દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસીની જાહેરાત કરવામાં આવી છે.

આ પોલિસી અંતર્ગત આગામી પાંચ વર્ષમાં ૨૦૦ કરોડના સ્ટેટ ઈનોવેશન ફંડ ઊભું કરાશે. જે માટે ૧૦૦ કરોડ રૂપિયા ગુજરાત સરકાર દ્વારા ફાળવવામાં આવશે. બાકીની રકમ આંતરિક સ્રોતોમાંથી ઊભી કરવામાં આવશે. આ યોજના અંતર્ગત આગામી પાંચ વર્ષમાં ૫૦૦ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ શરૂ થાય અને દરેક યુનિવર્સિટીઓમાંથી દરવર્ષે ઓછામાં ઓછી ૧ હજાર આઈપીઆર પેટન્ટ ફાઈલ થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. દરવર્ષે ૧ હજાર વિદ્યાર્થીઓને આ સ્કીમ અંતર્ગત ઈનવોશન સપોર્ટ પૂરો પાડવામાં આવશે.

# ખોડલધામમાં 3 લાખ લોકો રાષ્ટ્રગાનનો વર્લ્ડ રેકોર્ડ કરશે

**નવગુજરાત સમય > અમદાવાદ**

લેઉવા પટેલ સમાજના આત્મગૌરવના પ્રતીક શ્રી ખોડલધામ કાગવડ ખાતે 17મીથી 21 જાન્યુઆરી દરમિયાન યોજાનારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ અંતિમ તબક્કામાં ચાલી રહી છે. આ મહોત્સવ લેઉવા પટેલ સમાજની સાથે સમગ્ર દેશનું ગૌરવ વધારનાર બની રહેશે તેમ ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું.

ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલે જણાવ્યું હતું કે, બાંગ્લાદેશમાં ૨.૫૦ લાખથી વધુ લોકોએ સામૂહિક રાષ્ટ્રગાનનો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. ૨૧મીએ સવારે ત્રણ લાખથી વધુ લોકો ભેગા થઈને રાષ્ટ્રગાન કરશે અને નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપશે.

ખોડલધામ ટ્રસ્ટના સહમંત્રી દિનેશ પટેલ અને નરસિંહ પટેલે જણાવ્યુ હતું કે, લેઉવા પટેલ સમાજ અનેક વર્લ્ડ રેકોર્ડ કરવા જઈ રહ્યો છે. એક જ સમાજના સભ્યો ૧૦૦૮ કુંડી યજ્ઞ કરી રહ્યા છે, જેનો રેકોર્ડ એશિયા બુકમાં નોંધાશે. બીજી તરફ ગુજરાતના ૩૫૦૦થી વધુ ગામડાઓમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ માટે રથ ફેરવવામાં આવ્યો હતો અને માતાજીએ સામે ચાલીને ભક્તોને આમંત્રણ પાઠવ્યા હતા. આ રથ ૧.૩૫ લાખ કિમીનું પરિભ્રમણ કરીને મહોત્સવના પ્રથમ દિવસ ૧૭મીએ પરત ફરશે, જે એક રેકોર્ડ નોંધાશે.

**નરેશ પટેલ,** પ્રમુખ, ખોડલધામ ટ્રસ્ટ

**સમાધાન પંચ રચાશે**



**ખોડલધામ લેઉવા પટેલનું એક મધ્યસ્થી ક્ષેત્ર છે. સમાજના સભ્યોને કોર્ટ-કચેરીના ધક્કામાંથી બચાવવા ખોડલધામના નેજા હેઠળ સમાધાન પંચ રચવામાં આવશે. આ મંદિર ધાર્મિક સ્થળની સાથે સેવાકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની રહેશે. પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો સમગ્ર ખર્ચ વિવિધ દાતાઓ દ્વારા ઉપાડી લેવામાં આવ્યો છે.**

# 10 દિવસીય જૈન શિબિરનું સમાપન

**નવગુજરાત સમય > અમદાવાદ**

૧૦ દિવસીય 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર અધ્યયન શિબિર'નું રવિવારે અમદાવાદમાં સમાપન થયું હતું. નવ પંડિતોએ સમગ્ર ગ્રંથનું અધ્યયન કરાવ્યું હતું. દસ સાધ્વીજી ભગવંતો અને બે સાધ્વીજી ભગવંતોએ પણ આ અધ્યયન શિબિરમાં ભાગ લીધો હતો. જીતો-અમદાવાદના પ્રમુખ પ્રકાશભાઈ સંઘવી, કુશલભાઈ ભણશાલી, દુષ્યંતભાઈ શાહ, ધનાભાઈ શાહ અને ડો.જિતેન્દ્રભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ શિબિરમાં ભાગ લેનારા શિબિરાર્થીઓએ પોતાના પ્રતિભાવ આપતાં જણાવ્યું કે શિબિરમાં જૈન ધર્મના તત્ત્વોનો અભ્યાસ કરવાથી અમારી સમજ કેળવાઇ છે અને ઘણી બધી ગૂંચોનો ઉકેલ પણ આવ્યો છે. આ અંગે ડો.જિતેન્દ્ર શાહે જણાવ્યું કે ઈંગ્લેન્ડ અને અમેરિકામાં પણ આવી જ શિબિર યોજાય તે માટેનાં નિમંત્રણ પ્રાપ્ત થયા છે.

# જીતો મેટ્રિમોનિઅલ મીટ સંપન્ન

**નવગુજરાત સમય > અમદાવાદ**

જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન-જીતો અમદાવાદ ચેપ્ટર દ્વારા જૈન સમાજના લગ્નોત્સુકોને યુવક-યુવતીઓ માટે રવિવારે 'જીતો મેટ્રિમોનિઅલ મીટ-૨૦૧૭'નું આયોજન થયું હતું.

આ પ્રસંગે પરાગભાઈ શેઠ, પ્રકાશભાઈ વરમોરા, ગણપતભાઈ ચૌધરી, પ્રકાશભાઈ સંઘવી, હેમંતભાઈ શાહ, ચારુલભાઈ વક્તા, જીગીશ દોશી, કુશલરાજ ભણશાલી, ઋષભભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલ, પ્રકાશભાઈ શેખાણી, ભદ્રેશ શાહ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પસંદગી સંમેલનમાં ૭૫૦ જેટલા લગ્નોત્સુકોએ ભાગ લીધો હતો.

## ક્રોસવર્ડ-1070



**આડી ચાવી**

૧) ખરાબ ખ્યાતિવાળું, બનામ(૩)
૪) શિવજીના પત્ની, ઉમા (૩)
૬) બુદ્ધિ, પ્રજ્ઞા, અક્કલ (૨)
૭) રજાનો લેખિત હુકમ, પરમિટ, લાઈસન્સ (૪)
૯) દરવાજો સાચવનારો, દ્વારપાળ(૪)
૧૦) નિત્ય, કાયમ, રોજ (૨)
૧૧) મુસલમાનિ નિશાળ (૪)
૧૩) ખેદ, દુઃખ, દિલગીરી (૨)
૧૪) કદરૂપું, ડૂબકું (૩)
૧૫) પરવાનગી, છુટ્ટી (૨)
૧૬) ગંદું, ગંદકીવાળું (૨)
૧૭) સૂઝ, સમજણ, જ્ઞાન (૪)
૨૦) સફળ, કૃતાર્થ (૪)
૨૪) વીજળી, વિદ્યુત (૨)
૨૫) દહાડિયો, રોજે કામ કરનાર માણસ (૫)

**ઊભી ચાવી**

૧) કંકુ, કંકુમ (૪)
૨) પ્રસિદ્ધિ, કિર્તી (૨)
૩) દરકાર, કાળજી (૩)
૪) પોરસ, જુસ્સો, ધૈર્ય (૨)
૫) તીર મારવામાં કુશળ, નિશાનબાજ (૪)
૭) ઘરનો આગલો ખંડ (૪)
૮) વિવિધ ચીજોનો નમૂનો (૩)
૯) ધારા, રેલો (૩)
૧૦) લડાઇ કે લશ્કરની સામગ્રી(૪)
૧૨) આભાર તળે આવેલું, ઓશિયાળું (૩)
૧૫) પેટિસ સાથે ખવાતી વાનગી(૩)
૧૭) હનુમાનજીનું શસ્ત્ર (૨)
૧૮) શરીર, તન, દેહ (૨)
૧૯) વીશી, રહેવા ખાવાની સગવડ આપતું સ્થાન (અં)(૨)
૨૧) યાર, દોસ્ત, ભાઇબંધ (૨)
૨૨) તાવને લીધે હોઠના ખૂણા આગળ થતી ઝીણી ફોલ્લીઓ(૨)
૨૩) હિંમત, શૌર્ય (૨)
૨૪) શૂર, પરાક્રમી (૨)

**ક્રોસવર્ડ-1069**



# સોશિયલ મીડિયા શાસ્ત્રીય સંગીતના મહત્ત્વને ખતમ કરે છેઃ ઉ. અમજદ અલી ખાન

**અસ્મિતા દવે > અમદાવાદ**
asmita.dave@timesgroup.com

સોશિયલ મીડિયાના ફાયદાઓની સાથે લોકોની માનસિકતા પર તેના નુકસાન અંગે પણ એટલી જ ચર્ચાઓ થાય છે. આ જ મુદ્દે વાત કરતાં વિશ્વવિખ્યાત સરોદવાદક ઉસ્તાદ અમજદ અલી ખાને જણાવ્યું કે, 'સોશિયલ મીડિયા આજે શાસ્ત્રીય સંગીતના મહત્વને ખતમ કરી રહ્યું છે. દરેક વ્યક્તિ પોતાના મોટા ફોટો અને વીડિયો સોશિયલ મીડિયા પર મૂકે છે, તેમાં સામાન્ય જનતા માટે ખરા સંગીતના સાધકનો ફરક સમજવો મુશ્કેલ બની જાય છે. ઘણાને એવું લાગે છે કે, તેઓ શ્રેષ્ઠ છે. પરંતુ 'સૌથી શ્રેષ્ઠ' તો ઈશ્વર જ છે, તેથી કોઇ વ્યક્તિ માટે સૌથી શ્રેષ્ઠ શબ્દનો ઉપયોગ કરવો ખોટો.' 37મા સપ્તક સંગીત સમારોહની 9મી રાત્રિએ ઉસ્તાદ અમજદ અલી ખાન તેમજ તેમના બંને પુત્રો અમાન અને અયાન અલી બંગશનું સરોદવાદન રજૂ થશે. આ પૂર્વે ઉસ્તાદ અમજદ અલી ખાને નવગુજરાત સમય સાથે વિગતે વાત માંડી.

**લોકસંગીત શીખવવું પણ જરૂરી**

કોઇ પણ પ્રદેશના વ્યક્તિ સુધી તેનું લોકસંગીત જેટલું પહોંચ્યું છે, તેટલું શાસ્ત્રીય સંગીત નથી પહોંચ્યું. ગમે તેટલું વેસ્ટર્નાઇઝેશન કે, ફ્યુઝન આવે, પણ લોકસંગીત પર તેની કોઇ જ અસર નથી થતી. તેથી કોઇ પણ વ્યક્તિને સંગીત તરફ વાળવા માટે પહેલા તેને લોકસંગીત શીખવવું વધુ જરૂરી છે. અકબરના સમયમાં અનેક કલાકારો હતાં, છતાં માત્ર તાનસેનને જ નવરત્નોમાં સ્થાન મળ્યુ. એમ જ આજે દેશમાં લગભગ 500 સરોદવાદકો અને 1000 સિતારવાદકો હશે. પરંતુ લોકો એમાંથી કેટલાંકને જ ઓળખે છે.



**રાગ પણ તમને શાપ આપી દે એવી રીતે રજૂઆત ન કરો**

ઉસ્તાદ અમજદ અલી ખાને જણાવ્યું હતું કે, મારે કોઇનું નામ નથી લેવું, પણ ઘણી વખત તમને કાર્યક્રમમાંથી ઉભા થઇને જતાં રહેવાનું મન થાય છે. મારા પિતાજી મને હંમેશા સમજાવતાં કે, દરેક રાગની એક આત્મા હોય છે. તેથી તેને વિચલિત કરો તો રાગ પણ શાપ આપી દે છે, તેનાથી ડરવું જરૂરી છે. તેથી મારી યુવા કલાકારોને એક જ સલાહ હોય છે કે, કોઇ પણ રાગ કે'લા વિસ્તારથી ગાવો અને ક્યાં અટકવું એ સમજવું જરૂરી છે. હું હંમેશા કહું છું કે, મારું કામ મનોરંજનનું નથી. કલાકાર તો ફકીર હોય. હું માત્ર એક પ્રતિનિધિ છું. આજે પણ હું સ્વર અને લયની શોધમાં ફરુ છું. તેથી હું સંગીત માટે એક આદર ન બની શકું તો કંઇ નહિ પણ હું તેના અનાદરનું કારણ તો ન જ બનવો જોઇએ.

**સપ્તક-શિડ્યૂલ**

**9 જાન્યુઆરી, સોમવાર, રાત્રે 8-30 વાગ્યે**



1. યશવંત વૈષ્ણવ - તબલા સોલો
   નિલય સાલ્વિ - હાર્મોનિયમ
2. ઉસ્તાદ શૌકત નિયાઝી ગાયન
   હેમંત જોશી - તબલા
   હેમંત ભટ્ટ - પખાવજ
   રાજુ ગાંધર્વ - હાર્મોનિયમ
3. અમાન અલી બંગશ - સરોદ ડ્યુએટ
   અયાન અલી બંગશ
   પં. કુમાર બોઝ - તબલા
   શુભ મહારાજ - તબલા
4. ઉસ્તાદ અમજદ અલી ખાન સરોદ
   પં.કુમાર બોઝ - તબલા
   શુભ મહારાજ - તબલા

## સાર સમાચાર

### ન્યુ નવરંગ સ્કૂલમાં મેડિકલ કેમ્પ યોજાયો



**અમદાવાદ :** ફતેહવાડી વિસ્તારમાં આવેલી ધી ન્યૂ નવરંગ સ્કૂલ ખાતે લાયન્સ ક્લબ દ્વારા ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈ ચેકઅપ, રક્તદાન કેમ્પ, આયુર્વેદિક તથા હોમિયોપથિક દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મક્તમપુરાના કોર્પોરેટર હાજીભાઈ મિરઝા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સ્કૂલના સંચાલક ઈરફાન અરબે ખાસ જહેમત ઉઠાવી હતી.

### દિવાન બલ્લુભાઈ સ્કૂલ કાંકરિયાનો સ્થાપના દિન



**અમદાવાદ :** દિવાન બલ્લુભાઈ સ્કૂલ, કાંકરીયાનો ૧૧૦મો સ્થાપના દિન તાજેતરમાં ઉજવાયો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. ઉપરાંત સ્કૂલનું સન્માન વધારનારા પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન પણ કરાયું હતું. આ કાર્યક્રમમાં નિકોલના ધારાસભ્ય જગદીશ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્કૂલના આચાર્ય ડો. કિરીટ જોષીએ ભારે જહેમત ઉઠાવી હતી.

### નવગુજરાત કોલેજ ડિજિટલ કેમ્પસ બન્યું

**અમદાવાદ :** નવગુજરાત કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન (બીસીએ) કોલેજએ ડિજિટલ કેમ્પસ તરીકે પ્રયાણની શરૂઆત કરી છે. વિદ્યાભવન ટ્રસ્ટના ચીફ એડવાઈઝર એ.યુ. પટેલ તથા કોલેજના ડાયરેક્ટર ડો. વિમલ પંડ્યાએ ડિજિટલ કેમ્પસની શરૂઆત કરાવી હતી. આ કેમ્પસથી વિદ્યાર્થી, ફેકલ્ટી, મેનેજમેન્ટ, વાલીઓને ફાયદો થશે. જેમાં વિદ્યાર્થીઓને ડિવિઝન મુજબ તથા સેમેસ્ટર મુજબ નોટિસ મોકલી શકાશે. આ નોટિસમાં અભ્યાસ, સેમિનાર, વર્કશોપ, રજા વગેરેની માહિતી મોકલવામાં આવશે.

### સ્વસ્તિક સ્કૂલમાં ફેન્સી ડ્રેસ કોમ્પિટિશનનું આયોજન



**અમદાવાદ :** નવા વાડજ ખાતે આવેલી સ્વસ્તિક સ્કૂલ દ્વારા ફેન્સી ડ્રેસ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્કૂલની વિદ્યાર્થીની હની પ્રતિક રાવલ 'ધ બુક' સ્વરૂપે પુસ્તકની અનોખી વેશભુષા ધારણ કરીને આવી હતી, જેને વિજેતા જાહેર કરાઈ હતી. આ સાથે જ સ્કૂલના શિક્ષકો અને વાલીઓએ અન્ય વિદ્યાર્થીઓને પણ બિરદાવ્યા હતા.

### HA કોલેજ એશિયાની વિશ્વસનીય કોમર્સ કોલેજ બની

**અમદાવાદ :** ગુજરાત લૉ સોસાયટી સંચાલિત એચ.એ.કોલેજ ઓફ કોમર્સને એક સર્વેમાં એશિયાની સૌથી વધુ વિશ્વસનીય કોમર્સ કોલેજમાં સ્થાન પ્રાપ્ત થયું છે. એચ.એ.ગુજરાતની એક માત્ર કોમર્સ કોલેજ છે, જેણે નેક દ્વારા ૩ વખત મૂલ્યાંકન પ્રાપ્ત કર્યું છે તથા રાજ્યના શિક્ષણ વિભાગના KCG દ્વારા AAA માં એ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ કોલેજના આચાર્ય ડો. સંજય વકીલે ભારે જહેમત ઉઠાવી હતી.

### એ-વન સ્કૂલમાં લાયન્સ ક્લબના સહયોગથી કેમ્પ



**અમદાવાદ :** જુહાપુરા ખાતે આવેલી ન્યૂ એ-વન હાઈસ્કૂલમાં લાયન્સ ક્લબના સહયોગથી ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. આ પ્રસંગે મોતિયા ઓપરેશન માટે દર્દીઓને આંખની હોસ્પિટલ ઓગણજ ખાતે રીફર કરવામાં આવ્યા હતા, તેમ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી નાઝીમા તીરમીઝીએ જણાવ્યું હતું.